| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૫–૦૭–૨૦૨૪ | | |
| દાખલ તારીખ | ૨૫–૦૭–૨૦૨૪ | | |
| ફેસલ તારીખ | ૨૭–૦૪–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દીવસ |
| | ૦૧ | ૦૯ | ૦૨ |

**સ્પે.એટ્રોસીટી કેસ નંબર ૨૧/૨૦૨૪**

**<u>આંક :–૩૫</u>**

**FORM-A**

| | |
|---|---|
| **મે.ખેડા જીલ્લાના સ્પેશ્યલ (એટ્રોસીટી ) જજ તથા ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ : નડીઆદ. (શ્રી એમ.જે.બ્રહમભટ્ટ, ચોથા એડીશ્નલ સેશન્સ જજ )** | |
| **ચુકાદાની તારીખ: ૨૭/૦૪/૨૦૨૬ સ્પે. એટ્રોસીટી કેસ નં.૨૧/૨૦૨૪ (ગુનો : ચકલાસી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર. નં. ૧૧૨૦૪૦૧૭૨૪૦૧૬૧/૨૦૨૪, ઇ.પી.કોડની કલમ: ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ: ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબ મુજબ** | |
| **ફરીયાદી** | **સરકારશ્રી (મૂળ ફરિયાદી: બળદેવભાઈ લલ્લુભાઈ રોહિત)** |
| **ફરીયાદી તરફે** | **વિ.એ.પી.પી.શ્રી એન.એસ.રોહીત** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | **મહેન્દ્રભાઈ કાભઈભાઈ પરમાર,** ઉ.વ.: ૫૧, ધંધો: ખેતી, રહેવાસી: રામદેવપીર મંદિર પાસે, મોટા બોરીયા, તા.નડિયાદ, જિલ્લો–ખેડા. |
| **આરોપી તરફે** | **વિ.વ.શ્રી એમ.એસ.સોઢા પરમાર** |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭–૦૫–૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૩૦–૦૫–૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યાની તારીખ | ૦૫ –૦૭ –૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૦૩–૦૯–૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૬–૦૯–૨૦૨૫ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૨૪–૦૪ –૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૨૭–૦૪ –૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | – – – |

## આરોપીની માહીતી

| આરોપીની રેન્ક | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટવાની તારીખ | ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ–૪૨૮, સી.આર.પી.સી. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મહેન્દ્રભાઈ કાભઈભાઈ પરમાર, ઉં.વ.–૫૧, ધંધો–ખેતી, રહેવાસી–રામદેવપીર મંદિર પાસે, મોટા બોરીયા, તા.નડિયાદ, જિલ્લો–ખેડા. | નોટીસ આપી કાર્યવાહી કરેલ છે. | નોટીસ આપી કાર્યવાહી કરેલ છે. | ઈ.પી.કોડ કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ). | શંકાનો લાભ આપી છોડી મૂક્યા. | ના | –– |

## FORM-C
### પ્રોસીક્યુશન/ડીફેન્સ/ કોર્ટના સાક્ષીઓની યાદી

### <u>(એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–</u>

| રેન્ક | આંક | નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| PW-1 | ૬ | બળદેવભાઈ લલ્લુભાઈ રોહિત | ફરિયાદી |
| PW-2 | ૧૨ | સંદીપભાઈ ભૂપતભાઈ ડાભી | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ |
| PW-4 | ૧૭ | દીપકકુમાર ગોરધનભાઈ સથવારા | જાતિનું પ્રમાણપત્ર આપનાર ઓફીસના સાહેદ |
| PW-5 | ૧૯ | ભાનુભાઇ ઉર્ફે ભાવેશભાઇ બળદેવભાઇ રોહીત | સાહેદ(ફરીયદીનો પુત્ર) |
| PW-6 | ૨૩ | પરાક્રમસિંહ જયવિરસીંહ પરમાર | ફરીયાદ નોંધનાર પોલીસ સાહેદ |
| PW-7 | ૨૬ | ડો.દિવ્યારવીયા ભાનુશંકર જાડેજા | તપાસ કરનાર અધીકારી |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ મૌખિક પુરાવો રજુ થયેલ નથી તેમજ આંક:૨૮ થી આ સિવાય વધુ કોઇ મૌખિક પુરાવો આપવા માંગતા નથી,તેવી પુરસીસ રજુ થયેલ છે.**

## (બી) બચાવપક્ષનો મૌખિક પુરાવો :–

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| બચાવપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ નથી. |

## (સી) કોર્ટના સાક્ષીઓ, જો કોઇ હોય તો :

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| કોઈ મૌખિક પુરાવા રજુ થયેલ નથી. |

## પ્રોસીકયુશન/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજી પુરાવાની સુચિ

## (એ)ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | અસલ ફરીયાદ (તા.૩૦/૫/૨૦૨૪ ની) |
| ૨ | ૦૮ | ફરીયાદીનો જાતિ અંગેનો દાખલો (તા.૨૬/૬/૧૯૯૫ નો) |

| | | |
|---|---|---|
| ૩ | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (તા.૩૧/૫/૨૦૨૪ નું) |
| ૪ | ૧૮ | ફરીયાદીના જાતિનું પ્રમાણપત્ર કાઢી આપનાર ઓફીસના સંબંધીત રજીસ્ટરના અનુ.નં.૭૬ થી ઈસ્યુ થયેલ છે તે સંબંધેના રજીસ્ટરની ખરી નકલ |
| ૫ | ૨૪ | ચકલાસી પોલીસ સ્ટેશનની તા.૩૦/૫/૨૦૨૪ ના રોજની ફરીયાદ નોંધ્યા સંબંધેની સ્ટેશન ડાયરીની પ્રમાણીત નકલ |
| ૬ | ૨૭ | તપાસ દરમ્યાન ત.ક.અ.શ્રીએ મેળવેલ ફરીયાદીએ રજુ કરેલગીરો કરારની ખરી નકલ(તા.૨૧/૯/૨૦૨૧ ની ) |

**<u>આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.</u>**

**<u>(બી) બચાવપક્ષ :</u>**

| |
|---|
| **બચાવપક્ષે કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી.** |

**(સી) કોર્ટના દસ્તાવેજી પુરાવા**

| |
|---|
| **નીલ** |

**(ડી) મટેરીયલ ઓબ્જેકટસ :**

| |
|---|
| **નીલ** |

## <u>-: ચુકાદો :-</u>

**<u>:: ફરિયાદની વિગત::</u>**

(૧) આ કામે ફરીયાદ તથા બનાવની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદી બળદેવભાઈ લલ્લુભાઈ રોહીતનાઓએ આરોપીના પિતા કાભઈભાઈ ગોતાભાઈ પરમાર પાસે આવેલ મોટા બોરીયા મુકામે આવેલ તેમની જમીન બે વર્ષની શરતે ગીરો લીધેલ અને તે દરમ્યાન આરોપીના પિતા ગુજરી જતાં આ જમીન આરોપી નાઓ ખેડતા હોઈ, ફરીયાદીએ આરોપી પાસેથી પૈસાની માંગણી કરતા આરોપીએ તેમની જમીનમાં જે પાક થાય તેનો અડધો ભાગ આપવાની વાત કરેલ અને બે વાર પાકનો ભાગ ફરીયાદીને આપેલ. ત્યારબાદ ભાગ કે પૈસા

આપેલ નહી. જેથી તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ કલાક–૧૦/૦૦ વાગે મોજે બોરીયા રામદેવપીર મંદીર પાસે પોતાના પૈસા આરોપી પાસેથી માંગવા જતા આરોપીએ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી, સાલા ચામડીયા, ઢેડા તને અહીયા કોણે પેસવા દીધો? તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી, જાહેરમાં અપમાનીત કરી, ધકકો મારી નીચે પાડી દઈ, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ. જેથી ફરીયાદીએ ઈ.પી.કોડ કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), તથા અનુસુચિત જાતી/અનુસુચિત જન જાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ–૩(૧) (આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબની ફરીયાદ નોંધાવેલી.

આ પછી પોલીસે આ કામે તપાસ કરેલી જેમાં ફરીયાદમાં જણાવેલ બનાવ સંબંધમાં પુરતો પુરાવો જણાયેલ હોય ઉપરોકત જણાવેલ ગુનાઓ સંબંધે પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. આ કામે આરોપી સામેનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં રજુ કર્યા બાદ તેને સ્પે. એટ્રો. કેસ નં. ૨૧/૨૦૨૪ થી નોંધવામાં આવેલ.

**<u>તહોમતનામું</u>**

સદર ગુનાના કામે આરોપી જામીન મુકત હોઈ તેઓ મુદતે હાજર હોઈ તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે કે કેમ તે બાબતની ખાત્રી કરી તેઓને બચાવ કરવાની પુરતી તક આપ્યા બાદ આરોપી સામે <u>આંક– ૫</u> થી અત્રેની અદાલત ધ્વારા ઈ.પી.કોડ કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા અનુસુચિત જાતી/અનુસુચિત જન જાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ)મુજબના ગુના અન્વયેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલુ,જે આરોપીને વાંચી સમજાવેલ અને આરોપીએ ગુનાનો ઈન્કાર પોતાના <u>નિવેદન આંક –૬</u> થી કરતા ફરીયાદપક્ષને પોતાના જરૂરી સાક્ષી પુરાવા રજુ કરવા આદેશ કરવામાં આવેલ.

(૨) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા <u>ફોર્મ–સી</u> માં

જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીનું વિશેષ નિવેદન બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩) મુજબનું નોંધવામાં આવેલ છે અને તેમાં મહદઅંશે ફરીયાદપક્ષના તેમના વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરીને, તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માગતા ન હોવાનું તથા બચાવના સાહેદો તપાસવા માગતા નથી તેમ જણાવી,વિશેષમાં જણાવેલ છે કે, ગીરોના કરારમાં જણાવેલી રકમ તેમના પિતાશ્રીએ ચુકવી દીધેલી, પરંતુ તેમના પિતાશ્રી ગુજરી ગયેલા તેનો લાભ વધુ પૈસા લેવા માટે કરી તેમની વિરૂધ્ધ આ ખોટી ફરીયાદ કરેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી એન.એસ.રોહીતની તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.એસ.શોઢા પરમારની મૌખિક દલીલો સાંભળી.

**<u>:: ફરીયાદ પક્ષની દલીલો ::</u>**

(૪.૧) જેમાં ફરીયાદપક્ષે તેમની મૌખીક દલીલોમાં તેમના તરફે રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તરફ ધ્યાન દોરી જણાવેલ છે કે,આ કામના ભોગ બનનાર ફરિયાદી સાહેદ નંબર ૧ તરીકેની પોતાની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને હાલના આરોપીએ ફરિયાદીને જાહેર જગ્યાએ આપેલ પૈસાની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને જાતી વિષયક અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી, ગાળો બોલી,જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની બાબતને પણ સમર્થન કરેલ છે. તેવા સંજોગોમાં ફરિયાદીની જુબાની વિશ્વાસનીય અને આધારભૂત હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં જણાવે છે કે, ફરીયાદીની ફરીયાદને તથા જુબાનીને અન્ય સાહેદોએ પણ સમર્થન કરેલ છે, તેમ જણાવી સાહેદ નંબર–૨ તથા ૪ ની જુબાની તરફ ધ્યાન દોરેલ છે,

તેમજ જણાવેલ છે કે સદરહું પંચસાહેદ તથા સાહેદે પણ કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવ સ્થળનું પંચનામું તેમના રૂબરૂ થયેલાનું તથા બનાવ સ્થળે અને સમયે ફરીયાદી જણાવે છે તેવું કૃત્ય આરોપીએ કરેલ હોય તેવી વિગત સરતપાસમાં જણાવે છે અને પોલીસે તેઓની પૂછપરછ કરી નિવેદન લીધેલ હોવાનું તથા આરોપીને પણ કોર્ટ રૂબરૂ ઓળખતા હોવાનું જણાવે છે. આમ, સદરહું તપાસેલ સાહેદો પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપે છે. વિધ્વાન એ.પી.પી.શ્રીની વધુમાં રજૂઆત છે કે, આ કામના ભોગ બનનાર અનુસૂચિત જાતિના હોવાનું પ્રોસિક્યૂસન ધ્વારા આંક–૮ પ્રમાણપત્રથી પુરવાર કરેલ છે. તેમજ બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષના સાહેદોએ પોતાની સરતપાસમાં જણાવેલ વિગતોનું ખંડન થાય તેવી કોઈ હકીકતો કે કબુલાત ફરિયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસમાંથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા ધ્યાને લેતાં હાલના આરોપીને આક્ષેપિત ચાર્જ માટે તકસીરવાન ઠરાવી, સખતમાં સખત સજા કરવા વિનંતી કરેલ છે.

**:: બચાવ પક્ષની દલીલો ::**

**(૪.૨).** આ સામે બચાવપક્ષે વિદવાન વકીલશ્રીએ તેમની મહદઅંશેની મૌખિક દલીલો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોની કરેલ ઉલટતપાસ પ્રમાણે કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, ફરીયાદી પાસેથી આરોપીના પિતાએ લીધેલ પૈસા ચુકવી દીધેલ હોવા છતાં આરોપીના પિતાનું મરણ થતાં થયેલ કરાર ફરીયાદી પાસે પડેલ હોય તેનો ગેરફાયદો ઉઠાવી ખોટી રીતે પૈસાની ઉઘરાણીનું બહાનુ બનાવી હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે. તેમજ બનાવના ત્રણેક દીવસ બાદ હાલની ખોટી ફરીયાદ પૈસા પડાવવા તથા તેઓ અનુસુચીત જાતીના હોય તે કાયદાનો ગેરફાયદો ઉઠાવવા કરેલ છે. વધુમાં જણાવે છે કે, ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદ પણ તેઓની કોર્ટ રૂબરૂની

જુબાનીઓમાં ફરીયાદ, પોલીસ નિવેદનો તથા એકબીજાથી પણ વિરોધાભાષી જુબાનીઓ આપે છે. વકીલશ્રીની વધુમાં રજૂઆત છે કે, ફરિયાદીની જુબાની વિશ્વાસજન્ય કહી શકાય તેવી નથી અને સ્વતંત્ર કોઈ સાહેદોને તપાસેલ નથી. બચાવપક્ષે વકીલશ્રી વધુમાં જણાવે છે કે, સાહેદ નંબર– ૪ ને તપાસવામાં આવેલ છે,જે ભોગ બનનાર ફરીયાદીનો દીકરો છે. તેઓ પણ પોતાની ઉલટ તપાસમાં બનાવ સમયે ઘરે હોવાનું તથા બનાવની જાણ તેમના પિતાએ કરેલાનું જણાવે છે. બચાવપક્ષે વકીલશ્રીની વધુમાં રજૂઆત છે કે ભોગ બનનારની કોર્ટ રૂબરૂની જુબાની તથા ફરીયાદમાં કરેલ કથનોમાં મહત્વના વિરોધાભાસ છે, તેમજ આક્ષેપિત રીતે જે જગ્યાએ બનાવ બનેલ તેમાં તેમજ આરોપીએ કથિત રીતે જે શબ્દો ઉચ્ચારેલ તેમાં પણ મહત્વના તફાવત છે. તેમજ તપાસ કરનાર અમલદાર પોતાની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાનું અને ત્યાં ઘણાં રહેણાંકના મકાન આવેલા છે. હાલની ફરિયાદ ખોટી રીતે ફરીયાદીએ આરોપીના પિતા સાથે જે પૈસાની લેવડદેવડ થયેલ હતી અને જે હીસાબ પણ પુરો થઈ ગયેલ હોવા છતાં, આરોપીના પિતાનું મરણ થયા બાદ ગીરો કરાર તેમની પાસે હોય, તેનો ગેરફાયદો ઉઠાવી આરોપી ઉપર દબાણ લાવવાના બદઈરાદે બદઆશયથી કરેલ હોય, તેમજ કોઈ સ્વતંત્ર સાહેદો ન હોય તેમજ કોઈ સચોટ શંકારહીત પુરાવો ન હોય આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવા વિનંતી કરેલ છે.

<u>કેસના ન્યાયિક નિર્ણય માટેના મુદ્દાઓ અને તેના જવાબ :</u>

(૫) ઉપરોકત ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓ તેમજ બન્ને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલો અને તમામ સંજોગો, પરિસ્થિતી લક્ષમાં લેતાં મારા નિર્ણય માટે નીચે પ્રમાણેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## ::– મુદ્દાઓ –::

| | |
|---|---|
| **નં.(૧)** | શું ફરીયાદપક્ષ એવું તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને સાબીત કરે છે કે, તા.૨૭/૦૫/૨૦૨૪ના રોજ કલાક–૧૦/૦૦ વાગ્યે મોજે મોટાબોરીયા–રામદેવપીર મંદીર પાસે ફરીયાદીએ આરોપીના પિતા કાભઈભાઈ ગોતાભાઈ પરમાર પાસે આવેલ મોટા બોરીયા મુકામે આવેલ તેમની જમીન બે વર્ષની શરતે ગીરો લીધેલ અને તે દરમ્યાન આરોપીના પિતા ગુજરી જતાં આ જમીન આરોપી નાઓ ખેડતા હોઈ, ફરીયાદીએ આરોપી પાસેથી પૈસાની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી, ધકકો મારી, નીચે પાડી દઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી, ઈ.પી.કોડ કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૨)** | શું ફરીયાદપક્ષ એવું તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને સાબિત કરે છે કે, ઉપરોકત સ્થળે, સમયે અને તારીખે અને ઉપરોકત બનાવના અનુસંધાનમાં આરોપી એવું જાણતા અને માનતા હતા કે, ફરીયાદી અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિના સભ્યો છે તેમ છતાં આરોપીએ ગમેતેમ ગાળો બોલી સાલા ચામડીયા,ઢેડા તને અહીંયા કોણે પેસવા દીધો? તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી, જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી, માનભંગ કરી અનુસુચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ)કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૩)** | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે જણાવેલા કારણોસર નીચે પ્રમાણે છે. :–

| | |
|---|---|
| નં.(૧) | **'નકારમાં'** |
| નં.(૨) | **'નકારમાં'** |
| નં.(૩) | **આખરી હુકમ મુજબ** |

## –:: કારણો ::–

**<u>મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા:–</u>**

(૭) આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લઈ તેના ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવે તે પહેલા આ કામે શું પુરાવો રેકર્ડ પર આવેલ છે તે જોવુ આવશ્યક છે.

(૭.૧) **<u>ફરીયાદી બળદેવભાઈ લલ્લુભાઈ રોહીતની જુબાની(pw–1)</u>**

આ કામે **આંક–૬ થી ફરીયાદી બળદેવભાઈ લલ્લુભાઈ રોહીત**ને કોર્ટ રુબરુ તપાસવામાં આવેલા છે તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમની પત્નિ તથા બે દીકરાના પરીવાર સાથે રહે છે અને તેઓ અથાણાની ફેરી કરે છે, જયારે તેમના બંને દીકરા ઈંટોના ભઠ્ઠામાં કામ કરે છે. વધુમાં જણાવે છે કે,તેમના કુટુંબી મામા ખુશાલભાઈ પરાગભાઈ રોહીતનાઓએ તેમને સને–૨૦૧૯ માં જણાવેલ કે, મોટાબોરીયા સોડપુરા રહેતા કાભઈભાઈ પરમારની જમીન છે અને તેમની પરિસ્થીતી ખરાબ હોઈ પૈસાની જરૂર હોઈ તેઓને પૈસા આપો તો, તેમની જમીનમાં થતા અનાજનો અડધો ભાગ આપશે, જેથી હા પાડીને આ કાભઈભાઈ ગોતાભાઈ પરમારને રૂ.૨૦,૦૦૦/– આપેલ અને ત્યારબાદ સને–૨૦૨૧ ના વર્ષ સુધી અવારનવાર તેઓને નાણાંની જરૂરીયાત હોય તેઓ તેમની પાસેથી પૈસા લઈ જતા હતા. આમ, તેમની પાસેથી આ કાભઈભાઈ પરમારે કુલ રૂા.૭૫,૦૦૦/– લઈ ગયા હતા. જેથી આ આપેલ પૈસાની તેમના પાસે માંગણી કરતાં તેમની સોડાપુરની સીમના ખાતા નં.૧૬૮, સર્વે નં. ૧૭૧ વાળી, ૨૪ ગુંઠા જમીન બે વર્ષ માટે ગીરો કરાર તા.૨૧/૯/૨૦૨૧ ના રોજ નોટરી રૂબરૂ કરી આપેલ હતી.

વધુમાં તેઓ જણાવે છે કે, ત્યારબાદ આ કાભઈભાઈ

ગોતાભાઈ પરમારનાઓ ગુજરી જતાં, તેઓ તેમના આપેલ પૈસા લેવા તેમના ઘરે તા.૨૭/૫/૨૦૨૪ ના રોજ સવારે દસ-સાડા દસ વાગે ગયેલ ત્યારે તેમના ઘરે મહેન્દ્રભાઈ તથા તેમના પરીવારની હાજરીમાં પૈસાની માંગણી કરતાં મહેન્દુભાઈ પરમારે જણાવેલ કે “શેના પૈસા?" જેથી ફરીયાદીએ જણાવેલ કે, તેમના પિતા સાથે વહેવાર થયેલ અને તેના પૈસા છે, જેથી બોલાચાલી થયેલી. જેમાં આરોપીએ તેમને જાતી વિષયક શબ્દો જેવા કે "ચમાર" કહી "તારાથી થાય તે કરી લેવા જણાવેલું" ત્યારબાદ તેઓ તેમના ઘરે ગયેલા અને બનાવની ફરીયાદ આંક-૭ વાળી આપેલી અને તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમજ તે સમયે તેમણે પોલીસને પોતાની જાતીના દાખલાની નકલ આપેલ તે પણ ઓળખી બતાવી, સદરહું જાતીનો દાખલો આંક-૮ થી રજુ કરેલ છે.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી જણાવે છે કે, એ વાત ખરી છે કે, ખુશાલભાઈ પરાગભાઈ તેમના મામા થાય છે, આરોપીના ઘરની આજુબાજુ ઘણાબધા રહેણાંકના મકાનો આવેલા છે, તેઓ ચકલાસી રહે છે ત્યાંથી ઝાલાબોરડી ગામ વીસેક કીલોમીટર દુર આવેલ છે,પોલીસના નિવેદનમાં એવું લખાવેલ કે, બનાવ વખતે ત્યાં આજુબાજુ કોઈ હાજર હતું નહીં, તે સમયે તેમનો મોબાઈલ હતો, તેમના ઘરે થી ચકલાસી પોલીસ સ્ટેશન અડધો કી.મી. દુર આવેલ છે, તેઓ ઘરેથી સીધા પોલીસ સ્ટેશને ગયેલ તે બાદ તેઓ કોઈ જગ્યાએ ગયેલ નહીં. તેમજ ફરીયાદી તેમની ફેર તપાસમાં આંક-૧૦ થી ગીરો કરારની ખરી નકલ રજુ કરેલ છે.

આમ, સદરહું **આંક-૬** થી તપાસેલ ફરીયાદી બળદેવભાઈ લલ્લુભાઈ રોહીતની ફરીયાદ મુજબ બનાવમાં તેમને આરોપીએ જાહેરમાં અપમાનીત કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી,જાતિ વિરુધ્ધ અપશબ્દો બોલી અપમાનીત કરેલ છે. પરંતું સદર ફરીયાદીની ઉપરોકત સોગંદ ઉપરની જુબાની જોતાં, તેમાં

આરોપીએ તેમને ચોકકસ શું શબ્દો બોલી ગાળો આપેલ કે ધમકી આપેલ તેવી કોઈ હકીકત જણાવેલી નથી. વધુમાં આંક–૭ વાળી ફરીયાદ ધ્યાને લેતાં તેમાં બનાવ બનવાનું જે કારણ જણાવેલ છે કે આરોપીએ તેમના પિતાના મરણ બાદ પણ તેમનો હિસ્સો આપતા ન હોય તેમજ તેમને તે જમીન હવે ભાગે ન રાખવી હોય તેથી પૈસા અવારનવાર માગવા છતાં આપતા ન હોય, તેમજ તેમને જાણવા મળેલ કે, આ જમીન આરોપીએ બીજે ગીરો મુકેલ છે, જેથી તેઓ આરોપીને મોટા બોરીયા ગામમાં રામદેવજી મંદીર પાસે મળેલા,તેમના પૈસાની ઉઘરાણી કરતાં આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને બાદમાં બનાવ બનેલ છે. પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ફરીયાદીની જુબાની જોતા, ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ઘરેથી પોલીસ સ્ટેશન નજીક હોવા છતાં, બનાવ બાદ તરત જ ઘરે જઈને ફરીયાદ આપેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના કામનો બનાવ તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ બનેલો અને બનાવ સંદર્ભે ફરીયાદ તા.૩૦/૦૫/૨૦૨૪ ના રોજ આપેલી છે. વધુમાં ત્રણ દિવસ બાદ ફરીયાદ વિલંબથી દાખલ કર્યા બાબતનો ખુલાસો કરેલ નથી. જયારે ફરીયાદમાં ફરીયાદીએ તેઓએ બનાવ બાદ ઘરે આવી પોલીસને કોઈ જાણ કરેલ નહીં તેમ જણાવે છે અને તેમના વકીલ મારફતે અરજી ટાઈપ કરી પોલીસ સ્ટેશને મોકલી આપેલાનું જણાવેલ છે. ફરીયાદ મોડી કર્યા બાબતનો કોઈ ગળે ઉતરે તેવો કોઈ ખુલાસો ફરીયાદીએ તેમની ફરીયાદ કે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં કરેલ નથી. આમ, ફરીયાદીની ઉપરોકત જુબાની ધ્યાને લેતા, શંકા ના દાયરામાં જતી હોવાનું ફલીત થતુ હોય ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ અસરકારક સમર્થન પ્રાપ્ત થયેલ હોવાનું કહી શકાય તેમ નથી.

વધુમાં હાલના કામનો બનાવ તા. ૨૭/૦૫/૨૦૨૪ ના રોજ બનવા પામેલ છે પરંતુ સદર ગુનાની ફરીયાદ તા. ૩૦/૦૫/૨૦૨૪

ના રોજ આપવામાં આવેલ છે અને જે ધ્યાને લેતા, ફરીયાદ ત્રણેક દિવસના વિલંબ બાદ આપવામાં આવેલ છે અને ફરીયાદ વિલંબથી આપવા માટે કોઈ યોગ્ય અને વ્યાજબી ખુલાસો ફરીયાદીએ તેમની જુબાનીમાં કરેલ નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **<u>કિશનસિંઘ (તેના વારસો મારફત) વિ. ગુરપાલસિંઘ –એ.આઈ.આર 2010 (સુ.કો) પાના નં. ૩૬૨૪</u>** માં ઠરાવવામાં આવેલ છે કે, જયારે ફરીયાદ કોઈપણ કારણ કે ખુલાસા વગર મોડી નોંધાવવામાં આવેલ હોય તે વખતે આવી ફરીયાદ ગંભીર શંકાના દાયરામાં આવી જાય છે અને તેવી ફરીયાદ ઉપર આધાર રાખી શકાય નહી. આમ, ફરીયાદીએ આ પ્રકારની જુબાની આપેલ છે તેમાં ફરીયાદ ત્રણેક દિવસના વિલંબ બાદ નોંધાવામાં આવેલ છે અને તે સંબંધમાં કોઈ ખુલાસો આ કામે કરવામાં આવેલ ન હોય, ફરીયાદીની જુબાની અત્રે શંકાના દાયરામાં આવી જતી હોવાનું જણાઈ રહેલ છે.

(૭.૨) **<u>સાહેદ ભાનુભાઈ ઉર્ફે ભાવેશભાઈ બળદેવભાઈ રોહીતની જુબાની (pw–4)</u>**

આ કામે **આંક–૧૯** થી સાહેદ **ભાનુભાઈ ઉર્ફે ભાવેશભાઈ બળદેવભાઈ રોહીત**ને કોર્ટ રુબરુ તપાસવામાં આવેલા છે અને તેઓની કોર્ટ રૂબરૂની જુબાની સરતપાસમાં જણાવે છે કે, તે તેમના પરીવાર તેની પત્નિ શિતલબેન તથા બે દીકરા સાથે રહે છે અને છુટક મજુરી કરે છે, જયારે તેમના પિતા (ફરીયાદી) અથાણાની ફેરી કરી વેપાર કરે છે. તેમજ તેમની માતા મણીબેન ઘરકામ કરે છે તથા તેમનો મોટો ભાઈ અશોક વેપાર કરે છે. સાહેદે વધુમાં ફરીયાદીએ જે હકીકત સરતપાસમાં જણાવેલ તેવી જ હકીકત જણાવવાનો પ્રયત્ન કરેલ છે, જેમકે, તેમના પિતા(ફરીયાદી)એ સને–૨૦૧૯ માં મોટાબોરીયા ખાતે રહેતા કાભઈભાઈ ગોતાભાઈ પરમારને પૈસાની જરૂર પડતાં તેમના પિતા પાસેથી રૂ.૨૦,૦૦૦/– લીધેલ હતા અને ત્યારબાદ

સને–૨૦૨૧ ના વર્ષ સુધી અવારનવાર તેઓને નાણાંની જરૂરીયાત હોય તેમના પિતા પાસેથી પૈસા લઈ જતા હતા. આમ, તેમની પાસેથી આ કાભઈભાઈ પરમારે કુલ રૂા.૭૫,૦૦૦/– લઈ ગયેલા. જેથી તેમના પિતાએ પૈસાની માગણી કરતાં આ કાભઈભાઈએ તેમની સોડપુરની સીમના ખાતા નં .૧૬૮, સર્વે નં.૧૭૧ વાળી તેમના ભાગે આવતી ૨૪ ગુંઠા જમીન ગીરો કરાર તા.૨૧/૯/૨૦૨૧ ના રોજ ઉમરેઠ મુકામે નોટરી રૂબરૂ કરી આપેલ હતો. વધુમાં તેઓ જણાવે છે કે,આ કાભઈભાઈ ગુજરી જતાં તેમના પિતા પૈસા લેવા માટે તેમના દીકરા મહેન્દ્રભાઈ કાભઈભાઈ પરમારનાઓને મળેલ,જેથી તેઓએ જણાવેલ કે “આ જમીન હું જાતે જ વાવીશ અને તમારા ભાગે આવતું અનાજ તમોને આપી દઈશ” અને તે મુજબ તેઓએ ભાગે આવતો હિસ્સો આપેલ. તેમજ વધુમાં તેઓ જણાવે છે કે, તે બાદ સને–૨૦૨૪ ના પાંચમા મહીનામાં તેમના પિતા આ મહેન્દ્રભાઈ પાસે આપેલ પૈસા લેવા ગયેલ, તે સમયે આ મહેન્દ્રભાઈએ તેમના પિતાને ગાળો બોલી જાતીવિષયક ગાળો બોલી અપમાનીત કરી કાઢી મૂકેલા,તે સમયે તેઓ ઘરે હોવાનું જણાવે છે. તે બાદ તેમના પિતાએ ઘરે આવી આ વાત કરેલ અને ચકલાસી પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલાનું અને તે સંબંધે પોલીસે તેમનું નિવેદન લીધેલાનું જણાવી કોર્ટમાં આરોપી હાજર હોય તો ઓળખી શકે તેમ જણાવે છે.

જયારે **બચાવપક્ષની ઉલટતપાસમાં** સાહેદ વધુમાં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવ ની જાણ તેમના પિતા(ફરીયાદી)એ કરેલી. આમ,સદરહું સાહેદ ભાનુભાઈ ઉર્ફે ભાવેશભાઈ બળદેવભાઈ રોહીતની કોર્ટ રૂબરૂની જુબાની જોતાં ફરીયાદપક્ષના કેસ મુજબ સદર સાહેદ આ કામના બનાવના નજરે જોનાર સાહેદ નથી. આમ,સદર સાહેદની જુબાનીથી પ્રોસીકયુશનના કેસને કોઈ ખાસ અસરકારક સમર્થન પ્રાપ્ત થયેલ

હોવાનું કહી શકાય તેમ નથી.

## (૭.૩) <u>પંચ સાહેદ સંદીપભાઈ ભૂપતભાઈ ડાભીની જુબાની(**pw**–2)</u>

આ કામે **આંક–૧૨** થી **પંચ સાહેદ સંદીપભાઈ ભૂપતભાઈ ડાભી**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં તા.૩૧ /૫/૨૦૨૪ ના રોજ તેમના ઘરે હતા તે સમયે પોલીસે ફોન કરી સવારે ૯.૩૦ વાગ્યા આસપાસ નાના બોરીચાવી રામદેવજી મંદીર બનાવ સ્થળે બોલાવેલ, ત્યાં ગયેલ જયાં ગુનાવાળી જગ્યા બતાવેલી અને પોલીસે વિગતવારનું પંચનામું તેમના લખાવ્યા મુજબ ચતુર્દીશા વર્ણનવાળુ લખી લઈ, તે સમયે બીજા પંચ તરીકે હિતેશભાઈ મોતીભાઈ રોહીતે પણ તેમની સાથે સહી કરેલાનું જણાવી પોતાની સહી ઓળખી બતાવી **આંક–૧૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજુ કરેલ છે.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલી **ઉલટતપાસમાં** તેઓ સ્વીકારે છે કે, તેઓ ભાનુભાઈ એટલે કે ફરીયાદીના દીકરાના ભઠ્ઠામાં કામ કરે છે અને તેઓ બોલાવે એટલે તેમને જવું પડે.તેમજ સ્વીકારે છે કે, પોલીસે પંચનામું લખી લીધેલ અને તેમને સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલ. જયારે આ પંચનામાના બીજા પંચને ફરીયાદપક્ષે આંક–૧૪ થી પુરસીસ આપી ડ્રોપ કરેલ છે.

સદરહું <u>આંક–૧૨</u> થી તપાસવામાં આવેલા <u>પંચ સાહેદ</u> <u>આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ</u> છે. ઉપરોકત બન્ને પંચ સાહેદની જુબાની જોતા તે બન્ને પંચ સાહેદોએ આંક–૧૩ વાળા પંચનામાની મહત્વની હકીકતો જણાવેલ નથી. વધુમાં તપાસેલ પંચ સાહેદે એવુ પણ જણાવી દીધેલ છે કે, તેઓ ફરીયાદીના દીકરા ભાનુભાઈ એટલે કે ફરીયાદપક્ષે તપાસેલ <u>આંક–૧૯</u> ના સાહેદ <u>ભાનુભાઈ ઉર્ફે ભાવેશભાઈ બળદેવભાઈ રોહીતના</u> ભઠ્ઠામાં કામ કરે છે અને તેઓ બોલાવે એટલે તેમને જવું

પડે. તેમજ સ્વીકારે છે કે, પોલીસે પંચનામું લખી લીધેલ અને તેમને સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલ. આમ, સદરહું ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ શંકા રહીત પુરવાર થતું નથી.

**સમાજ કલ્યાણ અધિકારી જુબાની:–**

(૭.૪) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૭** થી સમાજ **કલ્યાણ અધિકારી શ્રી દિપકકુમાર ગોરધનભાઈ સથવારા (P.W.NO.3)** ને તપાસવામાં આવેલ છે.તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ છેલ્લા દસેક મહીનાથી સમાજ કલ્યાણ અધિકારી તરીકે નાયબ નીયામક,અનુસુચીત જાતી કલ્યાણ કચેરી,મું.નડીયાદ ખાતે ફરજ બજાવે છે તેમજ કોર્ટનો સમન્સ તેમની કચેરીને મળતાં સંબંધીત રેકર્ડ સાથે હાજર થયેલ છે. તેમજ જણાવે છે કે, તેમની કચેરી દ્વારા પ્રમાણપત્ર ક્રમાંક–૭૬, તા.૨૬/૦૬/૧૯૯૫ ના રોજ બળદેવભાઈ લલ્લુભાઈ રાહીત, રહે.ચકલાસી, તા.નડીઆદ, જિ.ખેડા નાઓને જાતી અંગેનું પ્રમાણ પત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે, તેમ જણાવી આંક–૮ થી રજુ થયેલ જાતી અંગેનું પ્રમાણપત્ર તથા આંક–૧૮ થી તેમના કચેરીના તે સંબંધેના રજીસ્ટરની નકલ રજુ કરી તેમાંની જે તે સમયના અધિકારીની સહી તથા તેમની કચેરીના સીકકા ઓળખી બતાવી રજુ કરેલ છે. જયારે, તેઓની બચાવપક્ષે થયેલ **ઉલટ તપાસમાં** એ હકીકત સ્વીકારે છે કે, તેમણે તેમની કચેરીના રેકર્ડ આધારે જુબાની આપી છે.

(૭.૫) પોલીસ સાહેદ – પરાક્રમસિંહ જયવિરસિંહ પરમાર ની જુબાની (**pw**–11)

આ કામે **આંક– ૨૩** થી સાહેદ **પરાક્રમસિંહ જયવિરસિંહ પરમાર** ને તપાસવામાં આવેલા છે અને તેઓ જુબાનીમાં જણાવે છે કે તા. ૩૦/૦૫/૨૦૨૪ ના રોજ ચકલાસી પો.સ્ટે. ખાતે સીનીયર પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી

બળદેવભાઈ લલ્લુભાઈ રોહીત, રહે.ચકલાસી નાઓની તેમના રુબરુ આવી ફરીયાદ હકીકત લખાવતા તે કોમ્પ્યુટરમાં લખી લઈ તેની પ્રિન્ટ કાઢી ફરીયાદીને વાંચી સંભળાવી તેની સહી લીધેલી,તેમજ તે સાથે ફરીયાદીએ તેની જાતી અંગેના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ, જે આ કામે આંક–૭ ની ફરીયાદ તથા આંક–૮ નો જાતીનો દાખલો તેમના રૂબરૂ રજુ થયેલ તે તે જ છે. ત્યારબાદ, સદરહું ફરીયાદની સ્ટેશન ડાયરીના અનુ.ક.નં. ૦૫ ઉપર ગુ.ર.નં. ૧૬૧ /૨૪, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) (એસ), ૩(૨)(૫–અ) થી ગુનો નોંધ અને બાદ ગુનો એટ્રોસીટી એકટનો હોય આગળની તપાસ ડી.વાય.એસ.પી. શ્રી દિવ્યારવ્યા જાડેજાનાઓ તરફ મોકલી આપેલ, તેમ જણાવી સદરહું સ્ટેશન ડાયરીની પ્રમાણીત નકલ આંક–૨૪ થી રજુ કરેલ છે. જયારે **બચાવપક્ષની ઉલટતપાસમાં** આ પોલીસ સાહેદે સ્વીકારેલ છે કે ફરીયાદ દાખલ કર્યા સીવાય તેમણે બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

## (૭.૬)<u>પોલીસ સાહેદ–તપાસ કરનાર અધિકારી ડો.દિવ્યારવીયા ભાનુશંકર જાડેજાની જુબાની (**pw**–6)</u>

આ કામે **આંક–૨૬** થી તપાસ કરનાર **ડો.દિવ્યારવીયા ભાનુશંકર જાડેજા**ને તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે તા.૩૦/૦૫/૨૦૨૪ ના રોજ ડી.વાય.એસ.પી., હેડ કવાર્ટર નડીઆદ તરીકે હાજર હતા અને એસ.ટી.એસ.સી. સેલ ખેડા–નડીઆદનો ચાર્જ તેમની પાસે હતો, ત્યારે ચકલાસી પો.સ્ટે. ગુ.ર.નં.૧૬૧ /૨૪, ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) અને એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબના ગુનાની તપાસ મળતા તપાસ સંભાળી લીધેલી અને તપાસના કામે સ્વતંત્ર પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું તેમના લખાવ્યા મુજબ કરેલ તેમ જણાવી

આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામામાં કરેલ પોતાની તથા તેમના રૂબરૂ પંચોએ કરેલ સહીઓ ઓળખી બતાવેલ છે, તેમજ આંક–૭ વાળી ફરીયાદ તથા આંક–૮ વાળું જાતી અંગેનું પ્રમાણપત્ર તેમને તપાસના કામે મળેલ તે જ હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેમની તપાસ દરમ્યાન **ગીરો કરારની નકલ** રજુ થયેલ જે **આંક–૨૭** થી રજુ કરેલ છે. તેમજ ફરીયાદીનું વિશેષ નિવેદન અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. જયારે **બચાવપક્ષની ઉલટતપાસમાં** તેઓ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા તથા ઘણાં રહેણાંકના મકાનો આવેલા છે, તેમજ તેમને ફરીયાદ કોમ્પ્યુટરમાં ટાઈપ કરેલી મળેલ.

**:: સમગ્ર પુરાવાનું મુલ્યાંકન ::**

**:: મુદ્દા નં.– ૧ ની ચર્ચા ::**

(૮) આમ, ઉપરોકત કામે ફરીયાદપક્ષે તપાસાયેલા ફરીયાદી, અન્ય સાહેદો તથા પોલીસ સાહેદોની જુબાની જોતા તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને નિ:શંકપણે પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે અને તે સંદર્ભે ઈ.પી.કોડ કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) ની જોગવાઈ જોતા, તે નીચે મુજબ છે.

**Section 323 :** Punishment for voluntarily causing hurt

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**Section 504 :** Intentional insult with intent to Provoke breach of the peace,

Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other ofence, shall be punished with imprisonment of either description for a team which may extend to two years, or with fine, or with both,

**Section 506(2) Punishment for criminal intimidation:**

If threat be to cause death or grievous hurt,etc.: and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire,or to cause an ofence punishable with death or [imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years,or to impute,unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to even years,or with fine,or with both.

(૮.૧) આમ,ઉપરોકત આક્ષેપીત કલમોની જોગવાઈઓ જોતા, ફરીયાદપક્ષે ગુનો પુરવાર કરવા માટે એવું પુરવાર કરવુ પડે કે,હાલના આરોપી એ જ બનાવ સમયે,સ્થળે અને તારીખે ફરીયાદીને જાહેરમાં બીભત્સ ગાળો બોલી અપમાનીત કરી, ફરીયાદીને શરીરે સાદી ઈજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપેલી.

તે સંદર્ભે આ કામે બનાવ અને ફરીયાદની ટુંક હકીકત જોઈએ તો, આ કામના ફરીયાદી બળદેવભાઈ લલ્લુભાઈ રોહીતનાઓએ આરોપીના પિતા કાભઈભાઈ ગોતાભાઈ પરમાર

પાસે આવેલ મોટા બોરીયા મુકામે આવેલ તેમની જમીન બે વર્ષની શરતે ગીરો લીધેલ અને તે દરમ્યાન આરોપીના પિતા ગુજરી જતાં આ જમીન આરોપી નાઓ ખેડતા હોઈ, ફરીયાદીએ આરોપી પાસેથી પૈસાની માંગણી કરતા આરોપીએ તેમની જમીનમાં જે પાક થાય તેનો અડધો ભાગ આપવાની વાત કરેલ અને બે વાર પાકનો ભાગ ફરીયાદીને આપેલ. ત્યારબાદ ભાગ કે પૈસા આપેલ નહીં. જેથી તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ કલાક-૧૦/૦૦ વાગે મોજે બોરીયા, રામદેવપીર મંદીર પાસે પોતાના પૈસા આરોપી પાસેથી માંગવા જતા આરોપીએ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી સાલા ચામડીયા, ઢેડા તને અહીંયા કોણે પેસવા દીધો? તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી ધકકો મારી નીચે પાડી દઈ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ. જેથી આરોપી સામે ઈ.પી.કોડ કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનું શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ થયેલ છે. આ પછી આરોપી આ કામે હાજર થતા આ કામે તેની સામે ઉપરોકત વિગતો મુજબનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

જયારે હાલના કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમાં ફરીયાદીને આંક-૬ (સાહેદ નં.૧) થી તપાસવામાં આવેલા છે. તેમાં તેઓએ બનાવને અમુક અંશે સમર્થન કરેલ છે. પરંતુ મુખ્ય બાબતે કે આરોપીએ તેમની સાથેના ગીરો કરાર વાળી જમીન બીજે ગીરો મુકેલ છે તેમ જાણવા મળતા તેઓ બનાવના દીવસે બનાવ સ્થળે ગયેલા ત્યાં આરોપી મળેલ તે વખતે તેની પાસે પૈસાની માગણી કરતાં બનાવ બનેલ હતો. તે બાબત ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીની જુબાની જોતા જુબાનીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ખુબ જ વધારીને જણાવેલ હોવાનું જણાય આવે છે. વધુમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં બનાવ આરોપીના ઘરે તા.૨૭/૫/૨૦૨૪ ના રોજ સવારે દસ-સાડા દસ

વાગ્યે બનેલાનું જણાવેલ છે. જ્યારે આંક–૭ ની ફરીયાદ જોતાં ફરીયાદ તા.૩૦/૫/૨૦૨૪ ના રોજ આપેલાનું તેમજ બનાવ મોટા બોરીયા ગામમાં રામદેવજી મંદીર પાસે બનેલાનું જણાવેલ છે. આમ, બનાવ સ્થળ અંગે પણ વિરોધાભાષી વિગત જણાય છે તથા બનાવના ત્રણેક દિવસ બાદ ફરીયાદ આપેલાનું જણાય છે અને ત્રણ દિવસ વિલંબ બાદ આપ્યા બાબતેનો કોઈ યોગ્ય અને વ્યાજબી ખુલાસો કરેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદ કે જે ફરીયાદીનો દિકરો છે તેઓનો **આંક–૧૯ ભાનુભાઈ ઉર્ફે ભાવેશભાઈ બળદેવભાઈ રોહીત** તેમનો પુરાવો ધ્યાને લેતાં તેઓ તેમની જુબાનીમાં આરોપીએ ફરીયાદીને કહેલ કે “આ જમીન તે જાતે વાવશે અને ભાગે આવતું અનાજ ફરીયાદીને આપી દેશે” તેમજ તેઓ કોઈ બનાવ સ્થળ જણાવતા નથી, તેમજ બનાવ સમયે પોતાના ઘરે હોવાનું જણાવે છે. આમ, આ પુરાવો ધ્યાને લેતા, ફરીયાદીની જુબાનીથી વિરોધાભાસી જણાય આવે છે. વધુમાં બનાવનું સ્થળ અને સમય ધ્યાને લેતાં બનાવ દિવસના સમયે બનેલ છે અને ફરીયાદીની જુબાની ધ્યાને લેતા, બનાવ આરોપીના ઘરે તેના પરીવારની હાજરીમાં બનેલ,જયારે આંક–૭ ની ફરીયાદ જોતાં જાહેર રસ્તામાં રહેણાંક વાળા વિસ્તારમાં બનેલ છે. પરંતુ તપાસ કરનાર અમલદારની જુબાની જોતા, બનાવવાળા સ્થળની આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોવાની કોઈ વિગતો જણાવેલ નથી. ઉલ્ટાનું તેઓ સ્વતંત્ર પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલાનું જણાવે છે. પરંતુ **આંક–૧૨** થી તપાસેલ સદરહું પંચનામાના પંચસાહેદ **સંદીપભાઈ ડાભી** તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરીયાદીના દીકરાને ત્યાં કામ કરતા હોવાનું તથા તેઓ બોલાવે એટલે જવું પડે તેમ જણાવે છે.

(૮.૨) આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા,આ કામના

ફરીયાદી અને આરોપી વચ્ચે કહેવાતો ઝઘડો થયેલ છે. પરંતુ ખરેખર, આ ઝઘડામાં ફરીયાદીને કોઈ ઈજા થયેલ નથી. આમ, સદર કામે ફરીયાદી અને આરોપી વચ્ચે ફરીયાદીના આપેલ પૈસા પરત લેવા બાબતે ઝઘડો થયેલો તથા બોલાચાલી થયેલ, પરંતુ, આરોપીએ ફરીયાદીને ચોકકસ શું શબ્દો બોલી ગાળો આપેલી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેવી કોઈ જ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, સદર કામે તપાસાયેલ મહત્વના ભોગ બનનાર ફરીયાદી તથા સાહેદના પુરાવાથી આ કામના આરોપીને સદર આક્ષેપીત ગુના સાથે સાંકળતો કોઈ શંકારહીત પુરાવો મળી આવતો નથી.

(૮.૩) ત્યારબાદ, ફરીયાદપક્ષે તપાસેલ **આંક–૧૨** થી **બનાવવાળી જગ્યાના પંચનામા**ના પંચસાહેદ **સંદીપભાઈ ભુપતભાઈ ડાભી** કોર્ટ સમક્ષની સરતપાસમાં **આંક–૧૩** થી રજુ **બનાવવાળી જગ્યાના પંચનામા**માં માત્ર પંચ તરીકેની પોતાની સહી ઓળખી બતાવે છે. જયારે, પંચનામાની કોઈ જ વિગતો જણાવતા નથી. ઉલ્ટાનું બચાવપક્ષે થયેલ તેમની કોર્ટ રૂબરૂની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ફરીયાદીના દીકરાને ત્યાં તેઓ કામ કરતા હોય તથા તેઓ બોલાવે એટલે જવું પડે તેમ જણાવે છે. એટલે કે, ફરીયાદપક્ષ સદરહું પંચનામુ પુરવાર કરી શકેલ નથી. આમ,સદર કામે જયારે બનાવવાળી જગ્યાએ મારઝુડના કે અન્ય કોઈ નોંધપાત્ર ચિન્હો મળી આવેલ નથી, જેથી બનાવ સ્થળે જ બોલાચાલી કે ઝઘડો થયેલાનું શંકા રહીત પુરવાર થયેલાનું કહી શકાય નહી. જયારે આવા ગુનામાં પંચસાહેદ એ પંચનામાનાં ઓથર હોય છે અને પંચસાહેદ સ્વતંત્ર હોવા જોઈએ. આમ, ફરિયાદપક્ષ આંક–૧૩ નું પંચનામું પણ શંકા રહીત સાબીત કરવામાં સફળ થયેલાનું જણાતું નથી.

(૮.૪) આમ, ઉપરોકત ફરીયાદપક્ષે રજુ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, ફરીયાદપક્ષ આરોપીની ધમકીના કારણે ફરીયાદી કે તેમના પરીવારના સભ્યો રોજબરોજના વ્યવહારો બીકના માર્યા કરી શકતા ન હતા, તેવી કોઈ વિગત રજુ થયેલ પુરાવા આધારે ફલિત થતી નથી. ફરીયાદપક્ષ આરોપીની ધમકીના કારણે રોજબરોજના વ્યવહારો બીકના માર્યા કરી શકેલા નહી કે તેમને ભય હોય, તેવી કોઈ વિગત રજુ થયેલ પુરાવા આધારે ફલિત થતી નથી. જયારે, નામદાર વડી અદાલતે તેમના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ.એચ.,૩૩૭ તથા મુનાસાફખાન ચાસીનખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે.)૪ – ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે ઉચ્ચારેલ શબ્દો ફરીયાદપક્ષના ઈસમો પર કોઈ ભય ઉત્પન્ન કરેલ, તેવો પુરાવો ન હોય તો ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર થતો નથી. વળી, ઈન્દ્રજીત વિરૂધ્ધ રાજય, ૧૯૮૫ ક્રિ.લો.જર્નલ–૯૬૬(નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ) –ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ધમકી આપવામાં આવી તેના ચોકકસ શબ્દો શું હતા, તે ફરીયાદ અને તહોમતનામામાં દર્શાવેલ ન હોય તો સજા ન થાય. તેથી ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવા તથા સદર ચુકાદાઓ ધ્યાને લેતા,આરોપીએ ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪ તથા ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો આચરેલ હોવાનું નિ:શંકપણે ફરીયાદપક્ષે પુરવાર થતું નથી. આમ, રજુ થયેલ સમગ્ર પુરાવા આધારે આ કામના આરોપીએ ફરીયાદીને કોઈ ગાળો આપી હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય કે કોઈ ઈજાઓ પહોંચાડેલી, આરોપીએ ફરીયાદીને જાહેરમાં ધમકી આપી હોય, તેવી કોઈ વિગત નિ:શંકપણે ફલિત થતી ન હોય **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપવો ન્યાયોચિત માનું છું.

**<u>:: મુદ્દા નં.–૨ ની ચર્ચા ::</u>**

(૯) વધુમાં આ કામે આરોપીઓ ઉપર આક્ષેપિત અનુસુચીત જાતિ અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ –૩ (૧) (આર)(એસ) તથા ૩(૨)(૫–એ) ની જોગવાઈ જોતા, નીચે મુજબ છે.

**<u>Section 3. Punishment for ofences atrocities.</u>**

**(1)** Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

**(R)** intentionally insults or intimidates with intent to humiliate a member of a scheduled Caste or a scheduled Tribe in any place within public view.

**(S)** Abuses any member of a Scheduled Caste or a Scheduled Tribe by caste name in any place within public view;

<u>**Section 3.** Punishment for ofences atrocities.</u>

**(2)** Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

**(5-A)** commits any ofence specifed in the Schedule, against a person or property, knowing that such person is a member of a Scheduled Caste or Scheduled Tribe or such punishment as specifed under the Indian Penal Code (45 of 1860) for such ofences and shall also be liable to fine.

(૯.૧) આમ, ઉપરોકત આક્ષેપીત કલમોની જોગવાઈઓ જોતા,

ફરીયાદપક્ષે ગુનો પુરવાર કરવા માટે એવું પુરવાર કરવું પડે કે, હાલના આરોપી એ જ બનાવ સમયે,સ્થળે અને તારીખે ફરીયાદીને જાહેરમાં આ કામના આરોપી એવું જાણતા તથા માનતા હતા કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિ /અનુસુચીત જન.જાતિ હિન્દુ-રોહીત જ્ઞાતીના સભ્ય છે તેમ છતાં આરોપીએ ફરીયાદીને જાહેરમાં ગાળો બોલી જાતી વાચક અપમાનજનક શબ્દો "ચમાર તારાથી થાય તે કરી લે" તેમ બોલી જ્ઞાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી,જાતિ સુચક શબ્દો બોલી માનભંગ કરી ગુનો કરેલ.

જયારે, તે સંદર્ભે આ કામે રજુ થયેલ તમામ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, **ફરીયાદી બળદેવભાઈ રોહીત તેમની આંક-૬** ની સરતપાસમાં આરોપી જાતીવિષયક શબ્દો બોલેલાનું જણાવેલ છે.તેમજ આંક-૮ થી જાતિનું અસલ પ્રમાણપત્ર રજુ કરેલ છે. જે પ્રમાણપત્ર વંચાણે લેતા, તેમાં ફરીયાદીની જાતિ હિન્દુ ચમાર અનૂસૂચિત જાતિ તરીકે દર્શાવેલ છે. જયારે, આંક-૭ થી રજુ ફરીયાદમાં ફરીયાદીએ પોતાની અટક "રોહીત" લખાવેલ છે. જ્યારે સદરહું પ્રમાણપત્ર સંબંધે તે આપનાર ઓફીસમાંથી **આંક-૧૭ થી સાહેદ દિપકકુમાર ગોરધનભાઈ સથવારા**ને તપાસેલ છે. તેઓએ આંક-૮ વાળુ જાતિ અંગેનું પ્રમાણ પત્ર તેમની ઓફીસ તરફથી આંક-૧૮ વાળા રજુ રજીસ્ટરની વિગત પ્રમાણે આપવામાં આવેલ છે. આમ,આ કામના ફરીયાદી અનુસુચીત જાતીના હોવાનું પુરવાર થાય છે. પરંતુ આરોપીએ આક્ષેપીત તે જાતી અંગે અપશબ્દો બોલી ગુનો કરેલાનું તેથી પુરવાર થતું નથી.

(૯.૨) આમ, આરોપી સામેના આક્ષેપિત કલમ અન્વયેનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું પડે કે, ફરીયાદી અનુસુચીત જાતિના હોવાનું આરોપી પ્રથમથી જ જાણતા હોવા છતાં બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ફરીયાદી તથા સાહેદને

જાહેરમાં એટલે કે, જાહેર સ્થળે તેની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી, અપમાનીત કરી આક્ષેપીત કલમ અન્વયેનો ગુનો કરેલો અને તે સંદર્ભે સદરહું આક્ષેપિત કલમની જોગવાઈ ધ્યાને લેતા,જાહેર સ્થળે તેની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનીત કરી આક્ષેપીત કલમ અન્વયેનો ગુનો કરેલો અને તે સંદર્ભે સદરહું આક્ષેપિત કલમની જોગવાઈ ધ્યાને લેતા, એટ્રોસીટી એકટની કલમના મુળ ઘટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમાં (૧) અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિના સભ્યોને હડધુત કરવાના હેતુથી ઈરાદાપુર્વક અપમાન કરવું, ધમકી આપવી, અપશબ્દો કહેવા સબબના કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય, (૨)તેવું કૃત્ય કોઈપણ સ્થળે જાહેર દશ્યમાં કરવામાં આવેલું હોય, આ અધિનિયમની કલમ-૩(૨)(૫-એ) હેઠળનો ગુનો અનુસુચિત જાતિ અથવા અનુસુચીત જનજાતિના સભ્યને હડધુત કરવાના ઈરાદા સાથે ઈરાદાપુર્વક કરવું, ધમકી આપવી તેવા ઘટકને સુચવે છે. આ જોગવાઈ બીજો મુખ્ય ઘટક આવા પ્રકારનું કૃત્ય જાહેર દષ્ટિકોણમાં હોવાનું સુચવે છે. આમ, ફરીયાદપક્ષે સદરહું કલમની જોગવાઈઓમાં સમાવિષ્ટ આવશ્યક ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા પડે.

(૯.૩) આમ, ઉપરોકત આક્ષેપિત કલમ અન્વયે ફરીયાદી તથા સાહેદોની સમગ્ર જુબાની લક્ષમાં લેતા, ફરીયાદપક્ષ આ કામના ફરીયાદીને આ કામના આરોપીએ તેમને જાહેરમાં તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવામાં આવેલ હોવા સંબંધેનો કોઈ જ શંકારહીત પુરાવો રેકર્ડે લાવી શકેલ નથી. જયારે આ અન્વયેની તે કાયદાની કલમ-૮ ની જોગવાઈ જોતા, જાહેરમાં આરોપીએ ફરીયાદીનું અપમાન કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ હોય તેવું જણાતું નથી. વધુમાં આ સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલતનો ચુકાદો જોવામાં આવે તો,

**Dhiren Prafulbhai Shah vs State Of Gujarat**, (reported in 2016 4 GLR 2785), in para - 27 observed as under:

*27. The SC/ST Act was enacted with a laudable object to protect vulnerable section of the society. Subclauses (I) to (xv) of Section 3(1) of the Act enumerated various kinds of atrocities that might be perpetrated against Scheduled Castes and Scheduled Tribes, which constitute an offence. However, Subclause( x) is the only clause where even offending "utterances" have been made punishable. The Legislature required intention as an essential ingredient for the offence of "insult", "intimidation" and "humiliation" of a member of the Scheduled Castes or Scheduled Tribe in any place within "public view". Offences under the Act are quite grave and provide stringent punishments. Graver is the offence, stronger should be the proof. The interpretation which suppresses or evades the mischief and advances the object of the Act has to be adopted. Keeping this in view, looking to the aims and objects of the Act, the expression "public view" in Section 3(1)(x) of the Act has to be interpreted to mean that the public persons present, (howsoever small number it may be), should be independent and impartial and not interested in any of the parties. In other words, persons having any kind of close relationship or association with the complainant, would necessarily get excluded.*

(૯.૪) આમ, હાલના કામે પણ ઉપરોકત નામદાર વડી અદાલતના કરેલ અવલોકન પ્રમાણે ફરીયાદપક્ષ હાલના આરોપીએ પણ જાહેર સ્થળે ફરીયાદીને હલકા પાડવાના આશયથી ઈરાદાપુર્વક અપમાન કરવામાં આવેલ હોય કે ધમકી

આપવામાં આવી હોય તેવી હકીકત શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેથી એટ્રોસીટી એકટની કલમ –૩(૧)(આર) (એસ) તથા ૩(૨)(૫–અ) ના તત્વો આકર્ષાતા નથી. આમ, આરોપી સામે સંબંધીત કલમ અન્વયેનું તહોમત ટકવાપાત્ર બનતું નથી. જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપીએ અનુસુચીત જાતિ અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબના ગુનો કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ ન હોવાનું જણાય આવે છે. આમ,ઉપરોકત સમગ્ર હકીકતે તેમજ ફરીયાદપક્ષે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ નામદાર વડી અદાલતના પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાંત ધ્યાને લેતા, જયારે ફરીયાદપક્ષ હાલના આરોપી સામે આક્ષેપિત ગુનો પોતાના જ પુરાવાથી શંકારહીત પુરવાર કરી શકેલ નહોય તેવું સ્પષ્ટપણે જણાય આવે છે. આમ, ફરીયાદપક્ષ આક્ષેપિત કલમો અન્વયેનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય **મુદ્દા નં.૨ નો જવાબ ''નકારમાં''** આપવો ન્યાયોચિત માનું છું.

(૧૦) આમ, ઉપરોકત સમગ્ર હકીકત તેમજ આરોપી સામે આક્ષેપિત કલમો અન્વયેની જોગવાઈ જોતા, આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુનો, શંકારહીત યોગ્ય પુરાવા રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે, તેવું પુરતા અને વિશ્વસનીય પુરાવા આધારે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું

ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકત અગર તો બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. વધુમાં હાલના કામે ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતા, હાલની ફરિયાદ ખોટી રીતે ફરીયાદીએ આરોપીના પિતા સાથે જે પૈસાની લેવડદેવડ થયેલ હતી અને જે હીસાબ પણ પુરો થઈ ગયેલ હોવા છતાં આરોપીના પિતાનું મરણ થયા બાદ તેમણે ફરીયાદીને આપેલ પૈસા સામે તેમના ભાગેની જે જમીનનો લેખીત ગીરો કરાર કરેલ જે ફરીયાદી પાસે હોય તેનો ગેરફાયદો ઉઠાવી તે પૈસા આરોપી પાસેથી કઢાવવા આરોપી ઉપર દબાણ લાવવાના બદઈરાદે સબંધીત કાયદાનો ગેરફાયદો ઉઠાવી બદઅશયથી ફરીયાદ કરેલ હોય તેવુ રેકર્ડ પર લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ છે, તેમજ જો તેમની ફરીયાદમાં જણાવેલી લેણી રકમ માની લેવામાં આવે તો પણ તે દિવાની રાહે વસુલ કરવી પડે તેમ હોય તેમ છતા તેને ફોજદારી રૂપ આપવાનો પ્રયત્ન કરેલ છે. તે સંજોગો જોતા હાલના કામે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૧૧) આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો લક્ષમાં લેતા, તેમજ બંને પક્ષોની મૌખિક તેમજ લેખીત દલીલો, તેમજ નામદાર વડી અદાલતે તેના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલા સિંધ્ધાંતો ધ્યાને લેતા, જયારે હાલના કામે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો પોતાના જ પુરાવાથી શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા,આ કામના આરોપીએ ઈ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા અનુસુચીત જાતિ અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ–૩(૧) (આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય, જેથી **મુદ્દા નં.૧ તથા ૨ ની ઉપરોકત કરેલ ચર્ચા તથા આપેલ નિર્ણય પ્રમાણે નકારમાં** આપી

**મુદ્દા નં.૩** પરત્વે **નીચે મુજબનો આખરી હુકમ** કરવો ન્યાયોચિત માનું છું.

## **:: આખરી હુકમ ::**

(૧) આ કામના **આરોપી મહેન્દ્રભાઈ કાભઈભાઈ પરમાર,** ઉ.વ.– ૫૧, ધંધો– ખેતી, રહેવાસી:– રામદેવપીર મંદીર પાસે,મોટા બોરીયા.તા.નડીઆદ, જિલ્લો–ખેડાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૩૫(૧) (બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮) મુજબ ઈન્ડીયન પીનલ કોડની કલમ –૩૨૩, ૫૦૪,૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૧) (આર) (એસ), ૩(૨) (૫–અ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનાં આરોપી જામીન ઉપર હોય તેઓના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) (બી.એન.એસ.એસ. ની ૪૮૧) મુજબ આ કામના આરોપીએ સરકારપક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમનો જાત મચુરકો આપવો.

(૪) સદર ચુકાદાની નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૬) મુજબ તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

આ કેસનું રેકર્ડ નીયમઅનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે. તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજ તારીખ–સત્યાવીસમી, માહે– એપ્રિલ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૨૭ /૦૪/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )<br>સ્પે. જજ (એટ્રોસીટી) અને<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા–એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |